# મહેસાણા જિલ્લામાં મેઘરાજાની પધરામણી

મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લામાં સખ્ત ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણમાં મેઘરાજાનું આગમન કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. ઊંઝા તાલુકામાં અંદાજે એક ઈંચ જેટલો વરસાદ થયો હતો. વરસાદથી શહેરના અન્ડરબ્રિજમાંથી પસાર થતાં ટ્રક પાણીમાં ફસાઈ ગઈ હતી. ટ્રકમાં ફસાયેલ ચાલક ક્લીનરને નિસરણી વડે બહાર કાઢવામાં આવ્યા હતા.




થતાં ખેડૂતવર્ગ સહિત આમજનતામાં આનંદની લાગણી ફેલાઈ છે. છેલ્લા બે દિવસથી જિલ્લામાં ચોમાસાની શરૂઆત થઈ છે. જેથી અવારનવાર વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. જિલ્લાના મુખ્ય મથક મહેસાણા સહિત જિલ્લાના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. હાઈવેથી શહેરમાં પ્રવેશવાના અન્ડરબ્રિજમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદી પાણી ભરાયા હતા. જેથી આ રસ્તેથી વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો અને એક માલવાહક ટ્રક

દરમિયાન સમયસર મેઘરાજાનું આગમન થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. વરસાદને પગલે ખેડૂતોએ ચોમાસુ ખરીફ પાકોના વાવેતરની કામગીરી આરંભી છે.

# દૂધ ઉત્પાદકોના હિતમાં રાજ્ય સરકારનો આવકારદાયક નિર્ણય : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૯

દૂધના પાવડરની નિકાસ માટે રાજ્ય સરકારે પ્રતિ કિલોએ રૂ.૫૦ની સહાયની જાહેરાતને આવકારતા બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે દૂધ સંઘો પાસે પડેલા પાવડરના જથ્થાનો નિકાસ કરવામાં હવે સરળતા રહેશે.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં સ્કીમ મિલ્ક પાવડર (દૂધનો પાવડર)ના ભાવમાં મોટો ઘટાડો થતાં રાજ્યના સહકારી દૂધ સંઘો દૂધના પાવડરને વેચી શકતા ન હતા અને તેના પરિણામે સંઘો પર વ્યાજનું ભારણ વધ્યું હતું. પરિણામે તેનું નુકસાન દૂધ ઉત્પાદકોને થતું હતું.

રાજ્ય સરકારે દૂધના પાવડર પર પ્રતિ કિલોએ રૂ. ૫૦ની સહાય જાહેર કરતાં હવે દૂધ સંઘો દૂધનો પાવડર વેચી શકાશે, તેમનો સ્ટોક ઘટાડી શકાશે. પરિણામે ડેરીઓની રોકાયેલી રકમ પણ છૂટી થશે અને વ્યાજનું ભારણ ઘટતાં દૂધ સંઘોની આવક પણ વધશે.

અત્રે એ વાતની નોંધ લઈએ કે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને અન્ય દૂધ સંઘોના ચેરમેનો છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકારને અવાર-નવાર રજૂઆતો કરેલ હતી અને શંકરભાઈ ચૌધરીના વ્યક્તિગત પ્રયાસો અને સૂચનોથી ન્યાયપૂર્ણ પગલું સાકાર થયેલ છે.

બનાસકાંઠાના પશુપાલકો અને દૂધ ઉત્પાદકોમાં ભારતીય જનતા પાર્ટીની લોકપ્રિય સરકારના નિર્ણયથી આનંદની લહેર છવાઈ ગઈ છે.

# શામળાજી નજીક ખેરંચાના પીક-અપ બસ સ્ટેન્ડમાં ઈકો વાન ઘુસી ગઈ

શામળાજી, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના રાજ્ય ધોરીમાર્ગ પર ચોમાસાના પ્રથમ વરસાદમાં ઠેર ઠેર ખાડાઓ પડતા વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. ગુરુવારે બપોરે શામળાજી કારમાં સવાર ચાર લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈકો કારમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે



નજીક આવેલા ખેરંચા નજીકથી પસાર થતી ઈકો વાનના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ઘુમાવતા વાન રોડ નજીક બનાવેલા ખેરંચા ગામના એસટી સ્ટેન્ડમાં ઘુસી જતા શામળાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સદનસીબે શામળાજીથી મોડાસા તરફ જતી ઈકો કાર એસટી બસ સ્ટેન્ડ તોડી કઠેરા પર અટકી જતા જાનહાની ટળી હતી.

# પ્રાંતિજના તાજપુરના વેપારીનુ અપહરણ બાદ ૧૦ લાખની ખંડણી બાદ છુટકારો

## પ્રાંતિજ પોલીસે માત્ર ૭૨ કલાકમાં ચારેય અપહરણકર્તાઓ પોલીસ સંકજામાં

પ્રાંતિજ, તા. ૨૯

કહેવાય છે કે પોલીસ ધારે તો ગમે તેવો ગુનાનો ભેદ ઉકેલી શકે તેમ છે અને ગુનેગારો ગમે તેવો હોશીયર હોય પણ કઈને કઈ ભુલ તો કરી જ બેસે છે. ત્યારે આવુંજ કંઈક સાબરકાંઠાના પ્રાંતિજમાં જોવાં મલ્યુ પ્રાંતિજ પોલીસે ગણતરીના દિવસોમાં જ ચારેય અપહરણકર્તાઓને પકડી સમગ્ર પર્દાફાશ કર્યો.

વાત જાણે એમ છે કે આજથી ત્રણ દિવસ પહેલાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રાંતિજના તાજપુર કૂઈ ખાતે રહેતાં સુશીલકુમાર રામકુમાર શર્મા ઉ.વર્ષ- ૩૭ કે જેવો ક્રિષ્ણા એન્જીનીયરીંગ વર્કસ નામનું ટ્રેકટરનુ ટ્રેઈલર તથા ટેન્કર બનાવવાનું કારખાનું છે અને તેવોને ગ્રાહકના વેશમાં આવેલ ચાર અપહરણકર્તાઓ દ્વારા તેમણે ફોન દ્વારા પ્રાંતિજ ત્રણ રસ્તા ઉપર બોલાવી વેપારીને તેમણી બોલેરો ગાડી સાથે ભીલોડાથી આગળ ચીભડી લઈ જઈ કોતરોમાં લઈ જઈ ચંપ્પાની અણીએ તેમની પાસે રહેલ પર્સમાંથી ૧૧૫૦ તથા મોબાઈલ ફોન લઈ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી વેપારી પાસે ૫૦ લાખની ખંડણી માંગી હતી. વેપારીએ તેના પોતાના ફોન ઉપરથી તેના મિત્ર પાસે ૫૦ લાખની જરૂર હોવાનું કહેતાં તેના મિત્રએ ૧૦ વાખ જેટલી રકમ થશે તેવું જણાવતા અપહરણકર્તા માની જતા વેપારીને અપહરણકર્તાઓએ ફોન ઉપર અમે કહીએ તેટલું કહેવાનું વેપારીને કહ્યુ અને ગરદન ઉપર ચપ્પુ મુકી તેવોના કહેવા પ્રમાણે બોલાવાયું કે મારે થોડું કામ છે મારી બોલેરો ગાડી લઈને મારા કેટલાક સંબંધીઓ આવશે જેથી તેમણે ૧૦ લાખ આપી દેશો અને



અપહરણકર્તાઓએ વેપારીના હાથપગ બાંધી મોંઢે સેલોટેપ મારી તેમની ઈકો ગાડીમા વેપારીને રાખી બે જણ વેપારીની બોલેરો ગાડી લઈને વડવાસા વેપારીના મિત્રના ઘરે જઈ દસ લાખ લઈ આવી આઠ કલાક બાદ વેપારીને તેનો મોબાઈલ ગાડી આપી તેને છોડી મુક્યો હતો. વેપારી દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરતાં અજાણ્યા અપહરણકર્તાઓ સામે ગુનો નોધી પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમ્યાન મુખ્ય આરોપી સુનિલકુમાર બ્રહ્મદેવ શર્મા રહે. તાજપુર કૂઈ કુટુંબી ફોઈનો છોકરો થાય છે જે દારૂ પિધેલી હાલતમાં મળી આવ્યો હતો તો તેની ઉપર પ્રોહીબીશન ગુનો નોંધી પુછપરછ કરતાં અને મોબાઈલની વિગત તપાસ દરમ્યાન ભાગી પડ્યો હતો અને અન્ય ત્રણ આરોપી જેમા (૧) દેવેન્દ્રસીંહ ઉર્ફે દેવુસીંહ કરણસિંહ ચંદાવત રહે. હાલ ૨૧/૩ રાધે રેસીડેન્સી ઓ.પો. સુયોગ બંગલોઝ સેન્ટ મી સ્કુલની પાછળ નવા નરોડા અમદાવાદ મુળ રહે. ગોરલ તા. ઈડર જી. સાંસાં તથા (૨) યુવરાજસિંહ પ્રવિણસીંહ ચૌહાણ રહે. નાંદીસણ તા. મોડાસા, જિ.અરવલ્લી હાલ રહે. જી.પી.સી.બી.કવાર્ટસ બ્લોક નં.એ-૪ સેકટર-૮ ગાંધીનગર તથા મયુરકુમાર બાબુભાઈ કડીયા રહે. ભોઈવાસ નાંદીસણ, તા. મોડાસા, જિ. અરવલ્લી. પ્રાંતિજ પીઆઈ વી. આર. ચાવડા તથા પીએસાઈ જે. એમ. પરમાર તથા પીએસાઈ એમ. બી. ગજ્જર દ્વારા ગણતરીના કલાકોમાં જ ચારેય અપહરણકર્તાઓને પકડી પુછપરછ બાદ ખંડણીમા લેવાયેલ રકમ ૧૦ લાખમાંથી પોલીસે ૨,૦,૫૦૦૦ રીકવર કર્યા હતા અને લૂંટમા વપરાયેલ ચપ્પુ સહિત ઈકો કાર મુદ્દામાલ જપ્ત કરી હતી. સમગ્ર મામલે પ્રાંતિજ પોલીસ દ્વારા સાબરકાંઠા એસપી સૈરભસિંધ, ડી.વાયએસ એ.ડી. વાસ્તવની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ દ્વારા સમગ્ર મામલાનો ભેદ ઉકેલ્યો હતો.

# સુરપુરના યુવાને બાઈક પર બેસાડી સગીરાનું અપહરણ કર્યુ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના રાજલી ગામેથી એક સગીરાનું બાઈક ઉપર અપહરણ કરનાર સુરપુરના ડુંગરી ફળિયામાં રહેતા આરોપી યુવક વિરુદ્ધ મોડાસા રૂરલ પોસઈ પી.આર. જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસાના રાજલીના કેસરીસિંહ ચૌહાણે મોડાસા રૂરલ પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ મુજબ ફરિયાદીની દીકરી મોડાસાના જીતપુર મરડીયાની સ્કૂલમાં ધો.૧૨માં ભણતી હતી અને છેલ્લા એકાદ વર્ષથી આ સ્કૂલમાં તેની આગળ ભણતા સુરપુર ડુંગરી વિસ્તારના આરોપી યુવક અને આ યુવતી એકબીજાના પરિચયમાં આવ્યા હતા. દરમિયાન તાજેતરમાં આ આરોપી યુવક રાજલી ગામે બાઈક લઈને ગયો હતો અને આ યુવતી વિદ્યાર્થીનીને લલચાવી ફોસલાવી બાઈક ઉપર અપહરણ કરી ગયો હતો.

મોડાસાના રાજલી ગામની ૧૭ વર્ષ ૮ માસની સગીરાનું અપહરણ.૧૨ દિવસની શોધખોળ બાદ નહિ મળતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સગીરા જીતપુર મરડીયા શાળામાં ધો.૧૨માં ભણતી હતી.

બનાવના દિવસે વહેલી સવારે પાંચ વાગે મોડાસાના સુરપુરના ડુંગરી ફળિયામાં રહેતા સુરેશ ભાથી મકવાણા વહેલી સવારે પાંચ વાગે પોતાની બાઈક ઉપર રાજલી આવી વિધાર્થિનીના વાલીપણામાંથી બાઈક ઉપર બેસાડીને અપહરણ કરી ગયો હતો. અગાઉ આ આરોપી યુવાન તેણી સાથે જીતપુર શાળામાં એક ધોરણ આગળ ભણતો હતો. તે પછી તે ઉઠી ગયો હતો. દરમિયાન બાર દિવસ અગાઉ તેણીનું અપહરણ કરતા આ વિધાર્થીનીના પિતા કેસરીસિંહ અર્જનસિંહ ચૌહાણે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોસઈ પી.આર. જાડેજાએ અપહરણની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના હિન્દુ યુવા વાહિની બાયડ દ્વારા આજ રોજ બાયડ નગરમાં શહીદચોકના નિર્માણ માટે પ્રાંત કચેરી બાયડ રજૂઆત કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ આપના ભારત દેશને આઝાદી અપાવવામાં માટે ઘણા લોકો શહીદ થયા છે. જેઓનામાં સન્માન માટે હિંદુ યુવા વાહિની બાયડ ધ્વારા બાયડ તાલુકાના નાયબ કલેકટર કે.બી. પટેલને આવેદન આપવામાં આવ્યું હતું. આ શહીદ ચોકનું નિર્માણ ટૂંક જ સમયમાં કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી. આ હિન્દુ યુવા વાહિની બાયડ તાલુકાના સમગ્ર કાર્યકરો ઉપસ્થિત રહી આવેદન પાઠવ્યું હતું.

# હાર્દિક પટેલ બાયડના તેનપુર ગામે શહીદ યાત્રામાં જોડાવા પહોંચતા પાટીદારોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ

બાયડ, તા. ૨૯

પાસ કન્વીનર હાર્દિક પટેલ બાયડના તેનપુર ગામે પાટીદાર આંદોલન સમયે યોજાયેલ સભામાં ભાગ લીધા પછી હાર્દિક પટેલ તેનપુર ગામેથી હાર્દિક પટેલ ગુમ થયા બાદ ભારે ટ્રેજડી સર્જાઈ હતી. ગુજરાતની પોલીસ સહીત પાટીદારો અને પાસની ટીમ ભારે મૂંઝવણની સ્થિતિ પેદા થઈ હતી. પાટીદારોએ પોલીસ સકંજામાં હોવાની અને હાર્દિક પટેલનું એન્કાઉન્ટર થવાની ભીતિ વચ્ચે હાર્દિક પટેલ નાટકીય રીતે સૌરાષ્ટ્ર બાજુથી મળી આવ્યા બાદ ડ્રામાંનો અંત આવ્યો હતો. ત્યારબાદ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામે હાર્દિક પટેલ શહીદ યાત્રામાં જોડાવવા પહોંચતા પાટીદાર યુવાનો, અગ્રણીઓ અને મહિલાઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

હાર્દિક પટેલ પર અનેક આક્ષેપો વચ્ચે પણ પાટીદાર સમાજમાં હાર્દિક પટેલનું પ્રભુત્વ યથાવત હોય તેવો નજારો બાયડના પ્રવેશતા જ મોટી સંખ્યામાં કાર અને બાઈકના કાફલા સાથે રેલી યોજી ઉષ્માભેર સ્વાગત કર્યું હતું અને હાર્દિક પટેલ તુમ આગે બઢો હમ



તેનપુર ગામે સહીત આજુબાજુના પાટીદારના ગામડાઓમાં નજારો જોવા મળ્યો હતો. બાયડના તેનપુર ગામે શહિદયાત્રા પ્રવેશવાની હોવાથી યાત્રામાં જોડાવવા હાર્દિક પટેલ કાર સાથે અરવલ્લી જિલ્લામાં તુમ્હારે સાથ હે ના અને હાર્દિક પટેલ અમર રાહોનાં નારાથી સમગ્ર પંથક ગુંજી ઉઠ્યો હતો. હાર્દિક પટેલે ગામમાં આવેલા ઉમિયા માતાના દર્શન કરી યુવાનો અને અગ્રણીઓ સાથે મુલાકાત કરી હતી.

# પ્રાંતિજ બોખ ખાતે ખોદકામ દરમિયાન પ્રાચીન અવશેષો મળ્યા

## પુરાતત્વ વિભાગને જાણ કરવામાં આવી : મંદિર હોવાનું ગ્રામજનોનું પ્રાથમિક અનુમાન

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ બોખમાં જળસંચય અભિયાન હેઠળ ચાલી રહેલ ખોદકામ દરમ્યાન પ્રાચીન અવશેષો તથા કેટલીક શીલાલેખો મળી આવતાં વાયુવેગે સમાચાર પ્રસરી જતાં ગ્રામજનો સહિત આજુબાજુના લોકો સ્થળ ઉપર દોડી આવ્યા હતાં.

પ્રાંતિજના કમાલપુર બોખમાં જળસંચય યોજના અંતર્ગત ચાલી રહેલ ખોદકામ દરમ્યાન બોખમા ખોદકામ દરમ્યાન મોટાં મોટાં પ્રાચીન અવશેષો (પથ્થરો) શિલાલેખો મળી આવી હતી. મળેલ અવશેષો ઉપરથી વર્ષો પહેલાં પ્રાચીન મંદિર હોય તેવું હાલ તો અનુમાન કરવામાં આવી રહ્યું છે. મળેલ અવશેષો શિલાલેખો ઉપર વર્ષો પહેલાં ચાલતી ભાષા હોવાથી કંઈ જાણી શકાયું નથી પણ સમાચાર



વાયુવેગે ગામમાં તથા આજુબાજુમાં પ્રસરી જતા કમાલપુર ગામજનો તથા આજુબાજુના લોકો બોખ ખાતે દોડી આવ્યા. હતાં તો આ અંગેની જાણ ગામનાં સરપંચ તથા તલાટી દ્વારા મામલતદારને કરતાં પ્રાંતિજ મામલતદાર આર.કે. પટ્ટણી દ્વારા વડોદરા ખાતે આવેલ પુરાતત્વમાં જાણ કરવામાં આવી છે. પુરાતત્વ વિભાગના અધિકારીઓની તપાસ બાદ સમગ્ર હકીકત જાણવાં મળે તેમ કહીએ તો નવાઈ નહીં.

## દેશના સીમાડા પર જીવના જોખમે

# ફરજ બજાવતા સૈનિકને આજે ખાવી પડી રહી છે દર-દર ઠોકરો

આજે અમે તમને એક એવા વૃદ્ધ કહાની કહેવા જઈ રહ્યા છે કે જે સાંભળી તમે પણ ચોકી. વર્ષો



સુધી જીવના જોખમે દેશની સીમા ઉપર ફરજ બજાવી પણ આજે આ વૃદ્ધની હાલત કમજોર થતા સરકારે પણ તેનો સાથ છોડી દીધો છે નિવૃત ફોજીને મળતી જમીન માટે આ ફોજી વર્ષોથી ધક્કા ખાઈ રહ્યો છે મામલતદારથી લઈ મહેસુલ વિભાગ સુધી રજૂઆત કરી છે છતાં પણ આ ફોજીની રજૂઆત સાંભળવા કોઈ તૈયાર જ નથી.

આ છે બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જડીયાલી ગામે રહેતા રવાજી શકરાજી ઠાકોર જે વર્ષ ૧૯૭૧માં ભારતીય સેનામાં જોડાયા હતા અને વર્ષો સુધી દેશની સરહદ ઉપર સેવા આપી હતી. ૧૯૭૧ના ભારત પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં પણ જીવની પરવા કર્યા વગર લડ્યા હતા. આ ફોજીની સારી કામગીરી બદલ તંત્ર દ્વારા તેને એવોર્ડ તેમજ મેડલ આપી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. આ સૈનિકની નોકરી પુરી થઈ અને તે નિવૃત થઈ ઘરે આવ્યા ત્યારે સરકારે તેમને ૫ એકર જમીન આપવાની ખાતરી આપી હતી પરંતુ સરકારના લાંચિયા અધિકારીઓના કારણે આ વ્યક્તિને હજુ સુધી જમીન મળી નથી. નિવૃત સૈનિકે જણાવ્યું હતું કે વર્ષ-૧૯૮૨માં આ સૈનિકને ડીસા તાલુકાના વકવાડા ગામે ૫ એકર જમીન પાસ થઈ હતી પરંતુ તલાટી ધ્વરા તેમની પાસે ૧૫૦૦ રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી અને આ સૈનિક પાસે પૈસાની અછત તેમજ ઘરની પરિસ્થિતિ સારી ન હોવાથી તે પૈસા આપી શક્ય ન હતા તે માટે તલાટીએ ખોટા કાગળો કરી જમીન સરકારને સુપરત કરી દીધી હતી. તે બાદ પણ આ સૈનિક ધ્વરા જમીન સરકાર પાસે ફરીથી માંગણી કરી અને ૧૩ વર્ષ બાદ ૧૯૯૫માં ફરી સરકારે આ સૈનિકને ધાનેરા તાલુકાના સરાલવીડ ગામે જમીન મંજુર કરી આપી ત્યાં પણ તલાટી અને મામલતદારે રૂપિયા ૫૦૦૦૦ હજારની માંગણી કરી અને પૈસા ન આપતા ત્યાંથી પણ તેની જમીન છીનવાઈ ગઈ તો હવે તમે જ સાંભળો આ સૈનિકના મોઢે તેની દુઃખ ભરી કહાની. નિવૃત સૈનિકને સંતાનમાં એક છોકરો અને એક છોકરી છે. છોકરી મીનાના લગ્ન ૧૩ વર્ષ અગાઉ ડીસા તાલુકાના



ચોરા ગામે કર્યા હતા પરંતુ લગ્નના ટૂંક જ સમય બાદ મીનાના સાસરિયાવાળાએ તેને ત્રાસ આપી પાછી પિયર મૂકી દીધી અને તે દિવસથી લઈ આજ દિવસ સુધી આ નિવૃત સૈનિક મીનાનું પણ ભરણ પોષણ કરે છે. નિવૃત સૈનિક ધ્વરા મીનાના સાસરિયા ઉપર ફરિયાદ કરવા માટે આગથળા પોલીસ મથકમાં ગયા પરંતુ ત્યાં પોલીસે ફરિયાદ લેવાની ના પાડતા તે ત્યાંથી પાછા આવ્યા અને અમદાવાદ જઈ ફરિયાદ કરી પરંતુ આજ દિવસ સુધી ફરિયાદનો પણ કોઈ ઉકેલ ન આવતા આખરે આ ફોજી બનાસકાંઠા જિલ્લા પોલીસવડા પાસે ગયા અને તેમની રજૂઆત કરી પણ જિલ્લા પોલીસ વડાએ પણ તેમની રજૂઆત કાન પર ન લેતા તેઓ અત્યારે નિરાશ થઈને બેઠા છે જે વૃધ્ધે પોતાની જવાનીમાં જીવના જોખમે દેશના સીમાડા ઉપર ફરજ બજાવી તેને આજે મુશ્કેલીના સમયમાં કોઈ સાથ આપતું નથી અને તેની મજાગ ઉડાવતા હોય તેવું લાગી રહ્યું છે ત્યારે આ જોઈ એવું લાગી રહ્યું છે કે જે વ્યક્તિએ જીવના જોખમે દેશની સેવા કરી તે વ્યક્તિની આ સરકાર નથી થઈ તો આમ પ્રજાની શું થશે સરકાર ?

# પાલનપુરમાં નીતિ નિયમોને નેવે મુકનાર રેસ્ટોરન્ટ સામે હોબાળો

## પાલિકાના કારોબારી ચેરમેન દોડી આવ્યા

પાલનપુર રેલવે સ્ટેશન રોડ પર સ્વચ્છતા અભિયાનના ધજીયા ઉડાવી નીતિ નિયમોને કોરાણે મૂકી ચાલતી રેસ્ટોરન્ટના સંચાલક દ્વારા ગ્રાહકો સાથે ઉધ્ધત વર્તન દાખવવામાં આવતું હોવાના મુદ્દે હોબાળો થયો હતો. જેને પગલે પાલિકાના કારોબારી ચેરમેન પણ દોડી આવ્યા હતા.

પાલનપુરમાં રેલવે સ્ટેશન રોડ પર આવેલી ભગવતી રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા રાખવામાં આવતી ન હોવાની ફરિયાદો વચ્ચે રસોડા નજીકથી ગટર પસાર થાય છે. રસોડામાં સંડાસ- બાથરૂમ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા મુજબ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા નથી કે રસોડું જોઈને જમવા બેસવાનું બોર્ડ પણ લગાવેલ નથી. જ્યાં ગ્રાહકો પાસેથી એક ડીસના રૂપિયા ૭૦ લેવામાં આવે છે. જેનું પાકુ બીલ ગ્રાહકને આપવામાં આવતું નથી. આ બધી ત્રુટીઓ ઉપરાંત ગ્રાહકો સાથે ઉધ્ધત વર્તન દાખવવામાં આવી રહ્યું છે.

જ્યાં જમવા ગયેલા સિતાબભાઈ કાદરી સાથે ભોજનની ડીસ બાબતે અસભ્ય વર્તન દાખવવામાં આવ્યું હતુ. જે અંગે તેઓએ પાલનપુર નગરપાલિકાનું ધ્યાન દોરતા પાલિકાના કારોબારી ચેરમેન જયંતિભાઈ પઢિયાર સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો. જ્યાં હોટલ સંચાલકને નીતિ નિયમો કોરાણે મુકવા બદલ તતડાવવામાં આવ્યો હતો. જોકે,હોટલ સામે હોબાળો થતા લોકો ટોળે વળ્યાં હતા. અને આવી જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતી હોટલો સામે પગલાં ભરવાની માંગ કરી હતી.